# ખોડલધામનાં નરેશ પટેલે રાજીનામું પરત ખેચતાં 'ઘીના ઠામમાં ઘી'

ગાંધીનગર,તા.૪

લેઉઆ પાટીદાર સમાજની આસ્થા સમાન ખોડલધામ ટ્રસ્ટના ચેરમેનપદેથી ગઈ કાલે રાત્રે નરેશ પટેલના રાજીનામાને પગલે લેઉઆ પાટીદાર સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા. આ મુદ્દે ગુજરાતનું રાજકારણ ગરમાયું હતું. પરંતુ પાટીદાર વડીલો ટ્રસ્ટીઓ અને હોદ્દેદારોની સમજાવટના પગલે નરેશ પટેલે તેમનું રાજીનામું પાછું ખેંચી લેતાં ઘીના ઠામમાં ઘી પડ્યું હોવાની લાગણી સાથે સમગ્ર સમાજે રાહતની લાગણી અનુભવી છે.

નરેશ પટેલના રાજીનામાના સમાચાર મળતાં ગઈ કાલથી પાટીદાર આગેવાનો, હોદ્દેદારો, મહિલા હોદ્દેદારો અને વિદ્યાર્થી સંગઠનોએ કાગવડ તરફ દોટ મૂકી હતી. આજે સવારથી કાગવડ ખાતે મળેલી ટ્રસ્ટી મંડળની બેઠકમાં આ મુદ્દો ચર્ચાયો હતો નરેશ પટેલને રાજીનામું પાછું ખેંચી લેવા સમજાવવામાં આવ્યા હતા. વડીલો અને ટ્રસ્ટીઓની લાગણીને માન આપી નરેશ પટેલે રાજીનામું પાછું ખેંચી લીધું છે. સાથે સાથે ખોડલધામ પ્રમુખ ગજેરાએ સત્તાવાર જાહેરાત કરી હતી કે અમો અને નરેશભાઈ સાથે મળી વધુ ખુલાસા કરીશું.ખોડલધામમાં કોઈ વાદ અને વિવાદ નથી.

સમગ્ર લેઉઆ પાટીદાર સમાજમાં નરેશ પટેલના મુદ્દે ખળખળાટ મચ્યો હતો. એક તબક્કે નરેશ પટેલના રાજીનામાની ચર્ચાના પગલે જૂનાગઢ-ધોરાજી રાજકોટ ગોંડલ સહિતના સૌરાષ્ટ્રના આગેવાનોએ પણ રાજીનામાં આપી દીધાં હતાં. જોકે હવે તેઓને પણ તેમનાં રાજીનામાં પરત ખેંચી લેવા સમજાવી લેવાયા છે. ખોડલધામના પ્રમુખ પરેશ ગજેરાએ ભાજપને સમર્થન આપ્યું હોવાની વાતના પગલે નરેશ પટેલે નારાજગીના ભાગરૂપે રાજીનામું ધરી દીધું હોવાની વાત ચર્ચાઈ રહી હતી.

# ગુજરાતી ચલચિત્રોના ત્રણ વર્ષના પારિતોષિકો જાહેર

રાજ્ય સરકારે ગુજરાતી ચલચિત્રોના વિકાસ-પ્રોત્સાહન માટે નવી ચલચિત્ર નીતિ ઘડી છે. તદ્અનુસાર રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ગુજરાતી ચલચિત્રોના વિવિધ ક્ષેત્રોમાં કુલ ૩૨ કેટેગરીને લક્ષમાં લઈને પારિતોષિકો જાહેર કરી, એનાયત કરવામાં આવે છે.

રાજ્યના માહિતી ખાતા દ્વારા વર્ષ-૨૦૧૩-૧૪, વર્ષ-૨૦૧૪-૧૫ અને વર્ષ-૨૦૧૫-૧૬ એમ ત્રણ વર્ષના નિર્માણ પામેલા ચલચિત્રો માટે પારિતોષિકો એનાયત કરવા સંદર્ભે જે ચલચિત્રોની એન્ટ્રી આવેલી તેને ધ્યાને રાખી, જે તે વર્ષના પારિતોષિકોની જાહેરાત કરી છે.

આ પારિતોષકોમાં વર્ષ-૨૦૧૩-૧૪ દરમિયાન છ કેટેગરીમાં પારિતોષિક જાહેર કરાયા છે, જેમાં મુખ્યત્વે ગોવિંદ ઠાકોર રીક્ષાવાળો ફિલ્મમાં પોતાનો કંઠ આપનારા કીર્તિદાન ગઢવીને શ્રેષ્ઠ પાશ્વગાયક અને મા-બાપના આશીર્વાદ ફિલ્મ માટે વાસુ પાઠકને શ્રેષ્ઠ બાળ કલાકાર તરીકે પસંદ





કરાયા છે. આ જ રીતે વર્ષ-૨૦૧૪-૧૫માં નિર્માણ પામેલી બે યાર ફિલ્મે શ્રેષ્ઠ ચલચિત્ર ઉપરાંત શ્રેષ્ઠ દિગ્દર્શન -અભિષેક જૈન, શ્રેષ્ઠ અભિનેતા - પ્રતિક ગાંધી, શ્રેષ્ઠ સહાયક અભિનેતા, શ્રેષ્ઠ સંગીત સહિતની ૧૪ કેટેગરીમાં ચૌદ પારિતોષિક મેળવી મેદાન માર્યું હતું. જ્યારે વર્ષ-૨૦૧૫-૧૬માં નિર્માણ પામેલી પ્રેમજી રાઈઝ ઓફ અ વોરિયર ફિલ્મ શ્રેષ્ઠ ચલચિત્ર, શ્રેષ્ઠ દિગ્દર્શન - વિજયગીરી બાવા, શ્રેષ્ઠ અભિનેતા - મેહુલ સોલંકી સહિતની વિવિધ દસ કેટેગરીમાં પારિતોષિક વિજેતા બનીને અગ્રેસર રહી હતી. જ્યારે આ જ વર્ષે નિર્માણ પામેલી હુ તુ તુ - આવી રમતની ઋતુ ફિલ્મે દ્વિતીય શ્રેષ્ઠ ચલચિત્ર તરીકે વિવિધ આઠ કેટેગરીમાં એવોર્ડ મેળવ્યા હતા. આ ફિલ્મની અભિનેત્રી શિતલ શાહે વર્ષ-૨૦૧૫-૧૬ના શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ જીત્યો હતો અને શ્રેષ્ઠ નિદર્શન દ્વિતીય ક્રમનો એવોર્ડ પણ મેળવ્યો હતો. આ ઉપરાંત આ જ ફિલ્મનું શીર્ષક ગીત ગાનારા પાર્થિવ ગોહિલને શ્રેષ્ઠ પાર્શ્વગાયક અને આ જ વર્ષે નિર્માણ પામેલી બસ એક ચાન્સ ફિલ્મમાં લાગી રે..... લગન કર્ણપ્રિય ગીતમાં કંઠ આપનાર ઐશ્વર્યા મજમુદારને શ્રેષ્ઠ પાર્શ્વગાયિકા તરીકે પારિતોષિક એનાયત કરાયો હતો.

રાજ્યના માહિતી ખાતા દ્વારા જાહેર કરાયેલા આ પારિતોષિકોમાં વર્ષ-૨૦૧૩-૧૪માં છ પારિતોષિક, વર્ષ-૨૦૧૪-૧૫માં ૨૨ પારિતોષિક અને વર્ષ-૨૦૧૫-૧૬માં ૨૫ પારિતોષિક મળી કુલ ૫૩ પારિતોષિક એનાયત કરાયા છે. આ પારિતોષિકો માટે જુદી જુદી કેટેગરીમાં ૧૬ જેટલા ગુજરાતી ચલચિત્રોની પસંદગી કરાઈ છે.



## મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અંબાજી મુકામે માતાજીના દર્શન કર્યા

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સતત બીજીવાર રાજ્ય શાસનનું દાયિત્વ સંભાળ્યા બાદ પ્રથમ વખત આજે સવારે આદ્યશક્તિ અંબાજી માતાજીના દર્શન-પૂજન અંબાજી યાત્રાધામમાં કર્યા હતા. વિજયભાઈ ગઈ રાત્રે અંબાજી પહોંચ્યા હતા અને આજે સવારે માતાજીના પૂજન-અર્ચન શ્રીમતી અંજલીબેન રૂપાણી સાથે કર્યા હતા. તેમણે રાજ્યના સૌ નાગરિકોની સમગ્રતયા સુખાકારી શાંતિ, સલામતિ અને રાજ્યના ઉત્તરોત્તર વિકાસમાં દૈવીશક્તિના કૃપા આશિષ સદાય વરસતા રહે તેવી પ્રાર્થના માતાજીના શ્રી ચરણોમાં કરી હતી. મુખ્યમંત્રીના આગમન પ્રસંગે કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન દિલીપ રાણાએ મુખ્યમંત્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે રેન્જ આઈ.જી. પિયુષ પટેલ, પોલીસ અધિક્ષક નિરજ બડગુજર, અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર એસ.જે. ચાવડા, દાંતા પ્રાંત અધિકારી બી.ડી. વાઘેલા સહિત અધિકારીઓ, અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



## ચિલોડા ખાતે હેલ્થકેર શિબિર યોજાઈ

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે આવેલ સર્કલ પાસે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય જગદંબાભવનમાં ચિલોડા હોમગાર્ડઝ સબ યુનિટ અને વેસ્ટેજ કંપનીના સંયુક્ત ઉપક્રમે હેલ્થકેર શિબિરનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં આયુર્વેદિક દવાઓનું મહત્વ અને તેના પ્રોજેક્ટ માટે વિશેષ માહિતી પુરી પાડી હતી. વેસ્ટેજ કંપનીના ડાયરેક્ટર રાહુલભાઈ અને અમિતભાઈ સહિત ચિલોડા હોમગાર્ડઝ યુનિટના ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકી તથા હોમગાર્ડઝ જવાનો વગેરે હાજર રહ્યા હતા.

# અમિત ચાવડાએ પ્રદેશ પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળ્યો

## ચાવડાએ પણ પદયાત્રા યોજી કોંગ્રેસના હજારો કાર્યકર્તા, સ્થાનિક આગેવાનો-નેતાઓ અને જનતાનો આભાર માન્યો

અમદાવાદ,તા. ૪

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ તરીકે અમિત ચાવડાએ આજે વિધિવત્ રીતે પોતાના નવા પ્રમુખની રૂએ સંભાળી લીધી છે. અમિત ચાવડાએ પ્રદેશ પ્રમુખ તરીકેનો હોદ્દો ગ્રહણ કરવાની સાથે વિશાળ પદયાત્રા યોજી કોંગ્રેસના કોંગ્રેસની મહિલા બહેનો, એનએસયુઆઈ સહિતના વિવિધ પાંખના કાર્યકરો, સ્થાનિક નેતાઓ અને આગેવાનો ખૂબ મોટી પ્રમુખના પદગ્રહણ સમારોહને વધાવ્યો હતો અને તેમનું ભવ્ય સ્વાગત-અભિવાદન કર્યું હતું. અમિત ચાવડાએ પ્રદેશ પ્રમુખ દીકરા છે. અમિત ચાવડા રાજકીય બેકગ્રાઉન્ડ ધરાવે છે. તેમના દાદા ઈશ્વર ચાવડા એક સમયે સંસદ સભ્ય હતા. આ ઈશ્વર ભાઈ





હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો હતો. આ પ્રસંગે ગુજરાત કોંગ્રેસના નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યાં હતાં. હજારો કાર્યકરોએ ઢોલ-નગારા સાથે અમિત ચાવડાને વધાવ્યા હતા. આજથી ગુજરાત કોંગ્રેસની કમાન યુવા નેતા અને આંકલાવના ધારાસભ્ય અમિત ચાવડાએ પ્રદેશ હજારો કાર્યકર્તાઓ, સ્થાનિક આગેવાનો-નેતાઓ અને જનતાનું અભિવાદન ઝીલ્યું હતું અને સૌનો આભાર માન્યો હતો. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ તરીકે અમિત ચાવડાના પદગ્રહણ સમારોહ નિમિતે આજે પ્રદેશ કોંગ્રેસ કચેરી ખાતે હજારો કોંગ્રેસી કાર્યકરો, સેવાદળના કાર્યકરો, મહિલા સંખ્યામાં હાજર રહ્યા હતા. કોંગ્રેસના કાર્યકરો હાથમાં રાષ્ટ્રધ્વજ અને કોંગ્રેસના પંજાની ધજાઓ લહેરાવતા અને નવા પ્રદેશ પ્રમુખના સમર્થનમાં ઉત્સાહપૂર્વક સૂત્રોચ્ચાર કરતાં નજરે પડતા હતા. જોરદાર ઢોલ-નગારા અને અબીલ ગુલાલની છોળો ઉડાડી કોંગ્રેસના હજારો કાર્યકર્તાઓએ નવા પ્રદેશ તરીકેનો હોદ્દો ગ્રહણ કરવાની સાથે વિશાળ પદયાત્રા યોજી કોંગ્રેસના હજારો કાર્યકર્તાઓ, સ્થાનિક આગેવાનો-નેતાઓ અને જનતાનું અભિવાદન ઝીલ્યું હતું અને સૌનો આભાર માન્યો હતો. ઉલ્લેખનીય છે કે, અમિત ચાવડા ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીના મામાના ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના સસરા હતા. આમ તે ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીના મામાના દીકરા થાય છે. અમિત ચાવડા પૂર્વ સાંસદ ઈશ્વર ભાઈ ચાવડાના દીકરા અજીત ચાવડાના દીકરો છે. આ સંબંધે તે પૂર્વ સાંસદના પૌત્ર છે.

# વડગામના મેતામાં થયેલા હૂમલામાં ખોટી ફરિયાદ નોંધાઈ હોવાનો આક્ષેપ

## ગ્રામજનોએ પાલનપુર ખાતે જિલ્લા પોલીસવડાને રજૂઆત કરી

વડગામ તાલુકાના મેતા ગામે તાજેતરમાં એક આચાર્ય ઉપર હૂમલો કરાયો હતો. જેમાં તેણે ગામના અગિયાર વ્યકિતઓ વિરૂધ્ધ છાપી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જોકે, આ ફરિયાદ ખોટી હોવાની અને ફરિયાદમાં દર્શાવેલા વ્યકિતઓ તે વખતે ગામમાં હાજર ન હોવા અંગે બુધવારે ગ્રામજનોએ પાલનપુર ખાતે જિલ્લા પોલીસવડાને રજૂઆત કરી હતી.

વડગામના મેતાના ગ્રામજનોએ બુધવારે જિલ્લા પોલીસવડાને રજૂઆત કરી હતી. જેમાં જણાવ્યું હતુ કે, સિધ્ધપુર તાલુકાના મુડાણાના વિનોદભાઈ મનસુખભાઈ પરમારે છાપી પોલીસ મથકે મેતા ગામના અગિયાર વ્યકિતઓ વિરૂધ્ધ તદન ઉપજાવી કાઢેલી ફરિયાદ નોંધાવી છે. જેમાં આરોપી નં. ચાર અબ્બાસ અસામદી મક્કા મદીનાની યાત્રાએ ગયેલા છે. જેઓ હજુ ભારત આવ્યા નથી. આરોપી નં. સાત અસગરભાઈ સુરત રહે છે. બનાવ સમયે તેઓ હાજર ન હતા. આરોપી નં. છ અબ્બાસ રસૂલ જીવા પલસાણીયા નામની કોઈ વ્યકિત ગામમાં રહેતી જ નથી. જ્યારે આરોપી નં. ત્રણ નુરમહોમદ હબીબભાઈ અસામદી મહેસાણા હતા. બાકીના જે નામો છે તે તમામ લોકો મીરઅલી બાવાની દરગાહે ધાર્મિક કાર્યક્રમમાં હતા. જેથી આ ખોટી ફરિયાદ અંગે તટસ્થ તપાસ કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગણી છે.

### મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલું...

આઘા આઘા દેશ તમારા થકવી દે ચરણો, પ્રભુ થકવી દે ચરણો,
આડાઅવળા, ખાબડખુબડ રસ્તા પર ઝરણો, પ્રભુ રસ્તા પર ઝરણો;
તારા દર્શન કરવા નીકળ્યો કોણ દિયે સાથા, પ્રભુ જય પશુપતિનાથા,
ઊંચાં ઊંચા વૃક્ષો માથે કલરવતાં પંખી, પ્રભુ કલરવતાં પંખી,
એથી ઊંચાં વાદળ ધોળાં છાંય ધરે શીળી, પ્રભુ છાંય ધરે શીળી;
સમસમતા વાયુની સંગે શી કરવી વાતા ? પ્રભુ જય પશુપતિનાથા,
જમવાનાં ટાણાં ચૂકવા ને તરસુનાં ઠૂઠવા, પ્રભુ તરસુના ઠૂઠવા
અંગે અંગને થાક ચડ્યો ને પાંપણનાં ઝૂકવાં; પ્રભુ પાંપણનાં ઝૂકવાં;
તુજ દર્શનની આશનાં અમને એક જ સંગાથા, પ્રભુ જય પશુપતિનાથા,
ચોતરફ મુખ માંડી બેઠા જગનું ધ્યાન ધરો, પ્રભુ જગનું ધ્યાન ધરો,
મોહ,માયા ને ઈચ્છાઓને જલ્દી મ્યાન કરો, પ્રભુ જલ્દી મ્યાન કરો;
વૃધ્ધોના કંઠેથી સરશે યશભરી આ ગાથા, પ્રભુ જય પશુપતિનાથા,
દૂર દૂરથી પવનો વાતા ઠંડા હિમભર્યા, પ્રભુ ઠંડા હિમભર્યા,
બહાદૂર બંકા શિયાળામાં ડગલું દેત ડર્યા, પ્રભુ ડગલું દેત ડર્યા;
થરથરતી કાયાને ઝટપટ દર્શન દે દાતા, પ્રભુ જય પશુપતિનાથા,
મંદિર તારું વિશ્વ રૂપાળું, સબ જગમાં ન્યાળું, પ્રભુ સબ જગમાં ન્યાળું;
મુખડું તારૂ કામણગાળું. નજરું કૃપાળું. પ્રભુ નજરું કૃપાળું.
ગડબડતી કાયાને ઝીલવા તું ધરતો હાથા, પ્રભુ જય પશુપતિનાથા.

### કોમી તોફાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તોડફોડ શરૂ કરી મુકી હતી. બેકાબુ બનેલા ટોળા અંગે પોલીસને જાણ થતા કલોલ પોલીસની સાથોસાથ જિલ્લાભરની પોલીસ કલોલ આવી પહોંચી હતી. જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા. ટોળાએ પોલીસના વાહનો ઉપર પણ તોડફોડ શરૂ કરી દેતા પોલીસે આ ટોળાને કાબુમાં લેવા હળવો લાઠીચાર્જ કરવો પડ્યો હતો અને ૯ જેટલા ટીયરગેસના સેલ છોડી ટોળાને વિખેરવાની ફરજ પડી હતી. પોલીસ સ્થળ પરથી તોફાની ટોળામાંથી ૨૦ જેટલા તત્વોને પકડી પાડ્યા હતા. આ ગંભીર સ્વરૂપે કેવી રીતે આકાર લીધો તે બાબત હજુ સુધી સ્પષ્ટ થઈ શકી નથી. પરંતુ છત્રાલ ગામમાં બે કોમ વચ્ચે ચાલતુ તંગદીલીભર્યુ વાતાવરણ અને ગઈકાલે બે યુવાનો પર થયેલા હુમલાની ઘટના કારણભુત હોય તેવી શક્યતાને આધારે પોલીસ તપાસ ચાલી રહી છે. પોલીસે પરિસ્થિતિ કાબુમાં લઈને સ્થળ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે. અને રાઉન્ડ ધ ક્લોક પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવામાં આવ્યો છે. જો કે હજુ પરિસ્થિતિ નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

### રીસરફેસીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે મોટાભાગના રસ્તા મગરની પીઠ સમાન ખરબચડા બન્યા હતા. જયારે નિયત સમય બાદ પણ માર્ગોની દશા સુધારવાનુ કામ હાથ ન ધરાતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો હતો . જો કે હાલ નવા સેકટરોના માર્ગોને ચકાચક બનાવી દેવાયા છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.જયારે સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા બાદ હવે શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગનુ કામ હાથ ધરાશે. માર્ગ મકાન વિભાગ દ્વારા નગરના મુખ્ય બે માર્ગોને ચકાચક બનાવવા માટે આયોજન કરી દીધુ છે. આ માટે તંત્ર દ્વારા અંદાજો તૈયાર કરી દેવાયા છે. જયારે કામગીરીને પણ મંજુરી આપી દેવામાં આવી છે. ઘ અને ચ માર્ગની સુધારણા પાછળ અંદાજિત રૂ ૧૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આગામી ચોમાસા પુર્વે શહેરના મુખ્યમાર્ગોની સુધારણાનુ કામ પુર્ણ કરી દેવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

### વોરંટ જારી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પર લેવા, તેની વિરૂધ્ધ જારી કરાયેલું જામીનપાત્ર વોરંટ રદ કરવા અને કેસની સુનાવણી દરમ્યાન તેને હાજર રહેવામાંથી મુકિત આપવા માટે માંગણી કરવામાં આવી હતી. જો કે, કોર્ટે આકરા વલણ સાથે આ ત્રણેય અરજીઓ ફગાવી દીધી હતી અને હાર્દિક પટેલને કોઈપણ પ્રકારની રાહત આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો. રાજદ્રોહ કેસની સુનાવણી દરમ્યાન આજે સરકારપક્ષ તરફથી મુખ્ય સરકારી વકીલ સુધીર બી.બ્રહ્મભટ્ટે મહત્વની દલીલ કરતાં જણાવ્યું હતું કે, આરોપી હાર્દિક પટેલ દ્વારા છેલ્લા ઘણા સમયથી અને ઘણી મુદતોથી આ કેસમાં અદાલત સમક્ષ હાજરી આપવામાં આવતી નથી. જામીન આપતી વખતે અદાલતની શરતોમાં પણ કેસના ટ્રાયલ વખતે આરોપીએ દર મુદતે હાજર રહેવાની સ્પષ્ટ તાકીદ કરાતી હોય છે. સુપ્રીમકોર્ટે પણ આ અંગે ચુકાદાઓ જારી કરેલા છે ત્યારે આરોપીઓ દ્વારા રાજદ્રોહના ખૂબ જ સંવેદનશીલ અને અતિમહત્વના કેસની સુનાવણીને ભારે હળવાશથી લેવાઈ રહી હોય તેમ લાગી રહ્યું છે.

આ સંજોગોમાં કોર્ટે આરોપી હાર્દિક પટેલના વલણ સામે કાયદાનુસાર પગલા લેવા જોઈએ. મુખ્ય સરકારી વકીલ સુધીર બી.બ્રહ્મભટ્ટની દલીલો ગ્રાહ્ય રાખ્યા બાદ કોર્ટે આરોપી હાર્દિક પટેલ વિરૂધ્ધ જામીનપાત્ર વોરંટ જારી કર્યું હતું. એટલું જ નહી, કોર્ટે હાર્દિક પટેલના વકીલને આગામી મુદતે તેને અદાલત સમક્ષ હાજર રાખવા કડક તાકીદ કરી હતી. કોર્ટે રાજદ્રોહ કેસની વધુ સુનાવણી ૨૫મી એપ્રિલના રોજ મુકરર કરી હતી. એ દિવસે આરોપીઓ વિરૂધ્ધની ચાર્જફ્રેમની કાર્યવાહી આગળ ધપાવવામાં આવશે. આજે કેસની સુનાવણી દરમ્યાન આરોપી ચિરાગ પટેલ પણ હાજર રહ્યો ન હતો, જો કે, તેની એકઝમ્પ્શનની અરજી કોર્ટે ગ્રાહ્ય રાખી હતી. જો કે, કોર્ટે હાર્દિક પટેલને કોઈપણ પ્રકારની રાહત આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો. દરમિયાન ભાજપ સરકારની સામે પડનાર અને સરકારના નાકમાં દમ કરી નાંખનાર પાસના નેતા હાર્દિક પટેલને ટૂંકા ગાળામાં લાંબા સમય સુધી જેલમાં રાખી શકાય એવી બ્લુ પ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે. ગૃહ વિભાગના સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે હાર્દિક પટેલ સામે રાજદ્રોહની ફરિયાદ નોંધાયેલી છે, જેમાં તે જામીન ઉપર છૂટેલો છે.હાર્દિકે હજુ પણ ભાજપ વિરુદ્ધની પોતાની પ્રવૃતિઓ ચાલુ રાખી છે, ચૂંટણી દરમિયાન તેણે અનેક સ્થળે મંજૂરી વગર રેલીઓ અને સભાઓ પણ કરી હતી. આ ઉપરાંત કેટલાક સ્થળે જુદા કારણો આપી મંજૂરી મેળવી અને રાજકીય ભાષણો આપ્યા હતા. જેને કારણે તેની સામે અત્યાર સુધીમાં કુલ છ ફરિયાદો નોંધાયેલી છે. જેમાં હજી પણ વધારો થશે, હાર્દિકે જ્યાં પણ નિયમનો ભંગ કરી સભાઓ અને રેલીઓ કરેલી છે, એવા તમામ વિસ્તારમાં તેની સામે ફરિયાદ થશે. ટૂંકમાં ભાજપ સરકાર પણ હવે હાર્દિક પટેલ સામેનો હિસાબ પતાવવાના મૂડમાં હોય તેમ જણાય છે.

### આગાહી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહિનામાં કેટલો વરસાદ પડશે તેને લઈને પણ વાત કરી છે. સ્કાયમેટના કહેવા મુજબ જૂન મહિનામાં મોનસુની વરસાદ લોંગ પિરિયડ એવરેજ (એલપીએ)ના ૧૧૧ ટકાની આસપાસ રહેશે. ૯૦ ટકા સામાન્ય વરસાદની આગાહી આ મહિના માટે કરવામાં આવી છે. જૂનમાં સામાન્યરીતે ૧૬૪ મિલીમીટર વરસાદ પડે છે જ્યારે જુલાઈ

મહિનામાં એલપીએના ૯૭ ટકા આસપાસ વરસાદ થશે. દેશમાં જુલાઈ મહિનામાં ૨૮૯ મિલીમીટર વરસાદ થયા છે જે ચાર મહિનાના મોનસુનની સીઝમાં સૌથી વધારે રહે છે. જૂન મહિનાથી મોનસુનની સિઝનની શરૂઆત થઈ જાય છે. ખરીફની વાવણી માટે આ મહિનાને ખુબ ઉપયોગી ગણવામાં આવે છે. ઓગસ્ટ મહિનામાં દેશમાં એલપીએના ૯૬ ટકાની આસપાસ વરસાદ થઈ શકે છે. ઓગસ્ટ મહિનામાં દેશમાં ૨૬૨ મિલીમીટર જેટલો વરસાદ થયા છે. સપ્ટેમ્બર મહિનામાં દેશમાં એલપીએના ૧૦૧ ટકાની આસપાસ વરસાદ થઈ શકે છે. મોનસુની સિઝનના છેલ્લા મહિનામાં ૧૭૩ મિલીમીટરની આસપાસ વરસાદ થયા છે. દક્ષિણ પશ્ચિમ મોનસુન કૃષિ ગ્રોથ માટે ઉપયોગી નથી બલ્કે સિંચાઈ જમીન માટે પણ ઉપયોગી રહે છે. દેશના અર્થતંત્ર માટે પણ દક્ષિણ પશ્ચિમ મોનસુન ઉપયોગી સાબિત થયા છે. સારા મોનસુનના પરિણામ સ્વરુપે બમ્પર ખરીફ પાકની તકો વધી જાય છે. આ ઉપરાંત ભૂગર્ભ જળના સંશાધનોમાં વધારો થાય છે જે રવિ પાક માટે પણ ઉપયોગી સાબિત થાય છે. જૂનથી સપ્ટેમ્બર મહિનાના ગાળામાં ૭૦ ટકાની આસપાસ વરસાદની ગણતરી કરવામાં આવે છે.

### મોદીનું સુચન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘડવાનો આક્ષેપ કર્યો હતો. અલબત્ત કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એસસી-એસટી એક્ટના ચુકાદાની સામે સમીક્ષા અરજી દાખલ કરી હતી પરંતુ સુપ્રીમ કોર્ટે સ્ટે આપવાનો ઈન્કાર કરી દીધો છે. આ મામલા પર ચારેબાજુથી ઘેરાયેલી મોદી સરકાર તરફથી કેન્દ્રિય ગૃહમંત્રી રાજનાથસિંહે સંસદમાં નિવેદન કર્યું હતું. ત્યારબાદ પાર્ટી તરફથી અમિત શાહે પણ નિવેદન કર્યું હતું. હવે મોદીએ પોતાની ટિપ્પણી પરોક્ષરીતે આપી છે. નવી દિલ્હી વેસ્ટર્ન કોર્ટ એનેક્ષીની નવી ઈમારતના ઉદ્ઘાટન કાર્યક્રમમાં બાબાસાહેબ આંબેડકર મારફતે મોદીએ પોતાની વાત કરી હતી. મોદીએ કહ્યું હતુ કે, આંબેડકરના નામ ઉપર માત્ર રાજનીતિ રમવામાં આવી છે. અટલ સરકારના ગાળામાં બે ભવનોના નિર્માણની યોજના બનાવવામાં આવી હતી. ત્યારબાદની બે સરકારોએ માત્ર રાજનીતિ રમી હતી અને કોઈ કામ થયું ન હતું. હવે આ યોજનાને પૂર્ણ કરવાનો તખ્તો તૈયાર થયો છે. જ્યારે તેઓએ શિલાન્યાસની વિધિ કરી ત્યારે કહ્યું હતું કે, ૨૦૧૮ એપ્રિલમાં લોકાર્પણ કરવામાં આવશે. ૧૩મી એપ્રિલના દિવસે લોકાર્પણ કરવામાં આવનાર છે. ૧૪મી એપ્રિલના દિવસે બાબાસાહેબ આંબેડકરનો જન્મદિવસ છે. મોદી આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટરનો ઉલ્લેખ કરી રહ્યા હતા. આંબેડકરના મામલે તેમણે કહ્યું હતું કે, આ મામલે હિંસા પર ઉતારવાના બદલે તેમના દ્વારા દર્શાવવામાં આવેલા માર્ગ ઉપર આગળ વધવાનો સમય છે. મહાત્મા ગાંધીએ જે રસ્તા દર્શાવ્યા છે. સરકારની જવાબદારી શાંતિ જાળવવા માટેની છે. સરકાર તમામને સાથે લઈને ચાલવાની જવાબદારીની દિશામાં આગળ પણ વધી રહી છે.

### સમાધાન કરવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાવચેતીપૂર્વક નિર્ણય લેવાની જરૂર રહેશે. જો શિવસેના આ ઓફરને સ્વીકારી લેશે તો ભાજપ સાથે તે મતભેદને દૂર કરવા માટે તૈયાર છે તેમ તમામને લાગશે. શિવસેના આક્રમક વલણ હાલમાં અપનાવી રહી છે. કારણ કે, ભાજપ તેના રાજકીય ક્ષેત્રમાં જોરદારરીતે ઘુસણખોરી કરીને તેની સ્થિતિ નબળી કરી રહી છે. શિવસેનાને એવી દહેશત છે કે, આગામી ચૂંટણી માટે થનાર ગઠબંધનમાં ભાજપની નજર વધારે સીટો ઉપર રહેશે. આવી સ્થિતિમાં જો સમાધાનનો મામલો રાજ્યસભાના ડેપ્યુટી ચેરમેનના પોસ્ટથી આગળ નિકળી જશે તો તેને ગઠબંધન ઉપર પણ નિર્ણય કરવાની ફરજ પડી શકે છે.

ભાજપના નેતૃત્વમાં મહારાષ્ટ્ર સરકાર અને કેન્દ્ર સરકાર બંનેમાં શિવસેનાના પ્રતિનિધિઓ હાલમાં રહેલા છે. એમ માનવામાં આવી રહ્યું છે કે, શિવસેના ભાજપ સાથે ગઠબંધન તોડવાને લઈને નિર્ણય લેવા ઉતાવળમાં નથી. જો ઠાકરે ભાજપની ઓફરને સ્વીકારી લેશે તો રાજ્યસભાના નાયબ અધ્યક્ષ પદ માટે નોમિનેશન સાથે જોડાયેલા મામલા પણ ખુબ જટિલ બની જશે. પાર્ટીના સૌથી સિનિયર લીડર સંજય રાવત રાજ્યસભાને ત્રીજી અવધિમાં છે. આવી જ રીતે વેણુગોપાલ ધુત પણ ત્રીજી અવધિમાં સભ્ય તરીકે છે. ત્રીજા મેમ્બર અનિલ દેસાઈ છે. સરકાર સાથે ટીડીપીએ છેડો ફાડી લીધા બાદ શિવસેના અને અકાળી દળ રાજ્યસભામાં એનડીએના બીજા સૌથી મોટા પક્ષો છે. અન્નાદ્રમુક સાથે હાથ મિલાવવાના પ્રયાસ પણ થઈ રહ્યા છે.